બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# યર્મિયા, રડતો માણસ



લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Jonathan Hay
અનુકૂલન : Mary-Anne S.
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

યહૂદીયાના રાજ્યના એક ધાર્મિક કુટુંબમાં યર્મિયાનો જન્મ થયો હતો. તેના પિતા હિલ્કિયા એક યાજક હતા. તેનું કુટુંબ અનાથોથ નામના ગામમાં રહેતુ હતુ. જે યરૂશાલેમથી દૂર નહોતું. કદાચ યર્મિયાના મા બાપે વિચાર્યું હશે કે તે પણ એક યાજક બનશે. પણ ઈશ્વરની યોજના થોડી અલગ હતી.





યર્મિયાના જન્મ વખતમાં લોકો ઈશ્વરના વચન પ્રમાણે ચાલી રહ્યા ન હતાં. તેઓમાંનો દરેક વ્યક્તિ - રાજાથી માંડીને રંક સુધી દરેક વ્યક્તિ જૂઠા દેવોની ઉપાસના કરતા હતા અને તે પણ ઈશ્વરના મંદિરની અંદર.



જ્યારે યર્મિયા
જુવાન હતો ત્યારે
ઈશ્વરે તેની સાથે વાત
કરી, “તારો જન્મ થયો પહેલા હું તને જાણું છું.” ઈશ્વરે યર્મિયાને કહ્યું,
“મેં તારા માટે યોજના ઘડી છે કે તે મારા માટે સંદેશાવાહક થશે.”

ઈશ્વરના તેડાથી યર્મિયા કદાચ ડરી ગયો હશે. “અરે પ્રભુ ઈશ્વર!” તેણે હાંક મારી. “હું બોલી શકુ તેમ નથી. કારણ કે હું તો હજી બાળક છું” તે સમયે તે વીસ વર્ષની ઉંમરનો હતોો. પણ યર્મિયાહે વિચાર્યું નહી કે તે ઈશ્વર માટે સંદશાવાહક બનીને ત્યાંની રહેલી સઘળી ભૂંડાઈની વિરૂદ્ધમાં બોલી શકે.



“તું ગભરાઈ નહી.” ઈશ્વરે યર્મિયાહને ખાતરી પમાડી. “જ્યાં હું તને મોકલું ત્યાં જા, હું તને કહું તે લોકોને જણાવ. હું તારી સાથે છું અને હું તને છોડાવીશ.”



ત્યારબાદ ઈશ્વરે એક બાબત વિશેષ કરી. ઈશ્વરે યર્મિયાહના મુખને સ્પર્શ કર્યો.

ઈશ્વરે યર્મિયાને તાકાત, હિંમત અને જ્ઞાન પૂરા પાડ્યા. તે હિંમતભેર બોલવા લાગ્યો કે, “ઈશ્વર તમને પ્રેમ કરે છે અને તે તમને મદદ કરવા માંગે છે.” પણ તેનો સંદેશો કોઈ સાંભળવા તૈયાર ન હતું. રાજા પણ તેનું સાંભળતો ન હતો.



ત્યાંના યાજકો પણ ગુસ્સે થઈ ગયા અને તેને કહ્યું કે ઈશ્વર વિશે બોલવાનું બંધ કર. ત્યાં બીજા જુઠા પ્રબોધકો પણ હતા. જેઓ કહેતા હતા કે યર્મિયા સત્ય વિશે વાત કરી રહ્યો નથી.



યર્મિયાહે લોકોને યાદ દેવડાવ્યું કે લગભગ સો વર્ષ પહેલા ઉત્તરના ઈસ્રાએલનું રાજ્ય ઈશ્વરે ત્યજી દીધું હતું. તેઓના દુશ્મનો આશ્શુરીઓએ તેમના પર જીત મેળવી તેમને દૂર દેશમાં લઈ ગયા હતાં.







હવે યહૂદીયાના લોકો જેઓ દક્ષિણના
રાજ્યમાં રહેતા હતા તેમણે ઈશ્વરને
ત્યજી દીધો હતો. દુશ્મનોના સૈન્યો
લડાઈ કરવા માટે કૂચ કરી
રહ્યાં હતા. શું ઈશ્વર તેના
લોકો પર તેમને જીત પામવા
દેતા હતા અને તેમને
બંદિવાન બનાવી લઈ
જવા દેવાન હતા?

લોકોએ પોતાની મૂર્તિઓ પર ભરોસો મૂક્યો. શું આ મૂર્તિઓ તેમને તેમના દુશ્મનોના હાથમાંથી છોડાવી શકવાની હતી. ના, ફક્ત ઈશ્વર જ તેમને બચાવી શકે તેમ હતો. લોકો યર્મિયા પર ખૂબ જ ગુસ્સે ભરાયા અને તેને મારી નાંખવા કાવતરું ઘડ્યું. પણ ઈશ્વરે તેના સેવકની રક્ષા કરી.



આખરે ઈશ્વરે એવું કાંઈક યર્મિયાને કહ્યું
જેનાથી યર્મિયાને આંચકો લાગ્યો હશે.
“આ લોક માટે પ્રાર્થના કરવી નહીં.
જ્યારે તેઓ મદદ માટે પ્રાર્થના કરશે
ત્યારે હું તેમનું સાંભળનાર નથી.”



યર્મિયાએ રાજાને પણ ચેતવણી આપી કે બાબિલના રાજાના સૈન્યની સામે હારી જશે. રાજા ગુસ્સે થયો અને યર્મિયાને જેલમાં નંખાવ્યો. જેલમાં પણ તેણે પ્રચાર કરવાનું તથા ઈશ્વર પર ભરોસો રાખવાનું ચાલુ રાખ્યું.



જેલમાંથી બહાર નીકળા પછી ફરી તેણે રાજાની તથા તેના લોકોની આગળ પ્રચાર કરવાનું ચાલુ રાખ્યું અને કહ્યું કે, તેઓ સર્વને ઈશ્વર તરફ પાછા ફરી તેના પર ભરોસો મૂકવાની જરૂર છે. આ વખતે રાજાએ યર્મિયાને પાણીના કાદવવાળા ટાંકામાં ઉતારી દીધો.



પણ ઈશ્વર રાજાના હ્રદયમાં કામ કરી રહ્યો હતો. તે છાનામાંના યર્મિયાને તેમાંથી કાઢીને પૂછ્યું હવે ઈશ્વર રાજા માટે શું ઈચ્છે છે. “તું બંદિવાસમાં જા તો તું જીવતો રહીશ” એવો યર્મિયાહે જવાબ આપ્યો.



બાબિલના સૈન્યએ યરૂશાલેમ અને આખા યહૂદીયાને જીતી લીધું. તેઓએ દિવાલો તોડી પાડી, ઘરોનો નાશ કર્યો અને બધું બાળી નાખ્યું. ઈશ્વરે તેને લોકોને કહ્યું કે તેઓ સિત્તેર વર્ષ સુધી બંદીવાસમાં જશે, અને ત્યારબાદ તેઓ આ વચનની ભૂમિમાં પાછા આવશે.



યર્મિયા, રડતો માણસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યર્મિયા

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬